## @ગાંધીનગર

● રંજનબેન બ્રહ્મભટ્ટનો આનંદનો ગરબો, પંચદેવ મંદિર, સે-૨૨ ખાતે બપોરે ૨ થી ૫ કલાક દરમિયાન યોજાશે.

## હોસ્પિટલમાં નાગરીકો પાસેથી જપ્ત કરાયેલ બીડી-તમાકુના જથ્થાનો નાશ કરાયો

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ધુમ્રપાન મનાઈ છે ત્યારે સંકુલમાં બીડી-સિગરેટ, મસાલા તેમજ કોઈ પણ જાતની ગુટખા આરોગતા ઝડપાશે તો તે વ્યકિત સામે કડક કાર્યવાહી કરવામાં આવશે તેવા બોર્ડ મુકવામાં આવે છે. છતા પણ સંકુલમાં નાગરીકો વ્યસનની ચીજવસ્તુ લઈને આવતા હોવાનું માલુમ પડતા સિકયુરીટી દ્વારા તમામ નાગરીકોનું ચેંકીગ હાથ ધરવામાં આવે છે. જેમાં વ્યસ્ની નાગરીકો પાસેથી ધુમ્રપાનને લગતી ચીજવસ્તુ જપ્ત કરવામાં આવે છે. ત્યારે છેલ્લા બે મહિનામાં જપ્ત કરાયેલ અંદાજે ૫૦ કિલોના જથ્થામાં મસાલા, ગુટખા, બીડી તેમજ સિગરેટના સામાનનો નાશ કરાયો છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સંકુલને ધુમ્રપાનથી મુકત કરવામાં આવી રહ્યું છે. ધુમ્રપાન કરતા કોઈપણ વ્યકિત દેખાય તો તેની સામે દંડાત્મક કાર્યવાહી કરવામાં આવશે તેવા સાઈન બોર્ડ ઠેરઠેર મારવામાં આવ્યા છે. હોસ્પિટલ સંકુલમાં તમાકુ, મસાલા ખાતા હોય તેવા દર્દીઓ તેમજ નાગરીકો વધુ આવે છે. ત્યારે હોસ્પિટલ સંકુલના પ્રવેશદ્વાર પર સિકયુરીટી દ્વારા સઘન ચેંકીગ કરવામાં આવે છે. જેમાં દર્દીઓ તેમજ તેની સાથે આવેલા નાગરીકો પાસેથી વિવિધ પ્રકારની બીડી. સિગરેટ, પાન-મસાલા, ગુટખાઓ, તમાકુ સહિતની ચીજવસ્તુઓ મળી આવે છે. આ જપ્ત કરેલો જથ્થો એક સ્થળ મુકવામાં આવે છે તેમજ સમયાંતરે અધિકારીઓની હાજરીમાં નાશ કરવામાં આવે છે. ત્યારે આજે રવિવારના રોજ બે માસના જપ્ત કરાયેલ ધુમ્રપાનના સામાનનો નાશ કરાયો હતો. ઉલ્લેખનીય છે કે સંકુલમાં બોર્ડ લગાવ્યા છતા પણ અઢળક ગુટખાઓનો સામાન મળી આવે છે તેમજ ઠેરઠેર પીચકારી મારતા દ્રશ્ય દેખા દે છે ત્યારે તંત્ર દ્વારા ધુમ્રપાન કરતા શખ્સો સામે વધુ કડક કાર્યવાહી કરવામાં આવે તેવું નગરજનો ઈચ્છી રહ્યા છે.

# શહેરમાં યોજાઈ આંતરરાષ્ટ્રીય બુધ્ધિસ્ટ કોન્ફરન્સ

ગાંધીનગર, તા.૨૭

ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મજયંતિ નિમિત્તે સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ અને સંઘકાયા ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે પ્રથમ આંતરરાષ્ટ્રીય બુધ્ધિસ્ટ પરિસંવાદનું આયોજન ટાઉનહોલ, ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું હતું. આ બુધ્ધિસ્ટ પરિસંવાદ રાજયપાલ ઓ.પી.કોહલીના હસ્તે ખુલ્લો મુકવામાં આવ્યો હતો.

બુધ્ધિસ્ટ પરિસંવાદને ખુલ્લો મુકતાં રાજયપાલ ઓ.પી.કોહલીએ જણાવ્યું હતું કે, ગૌત્તમ બૌધ્ધ ૨૯ વર્ષના હતા, ત્યારે તેમણે ગૃહત્યાગ કર્યો હતો. સાધના માટે નીકળી પડયા હતા. ૬ વર્ષ સુધી સખત સાધના કર્યો બાદ બૌધ્ધ ધર્મની સ્થાપના કરી હતી. બૌધ્ધ ધર્મ ભારત દેશના સીમાઓ પાર કરીને દક્ષિણ એશિયા, ચીન, શ્રીલંકા, જાપાન, કોરિયા જેવા અનેક દેશોમાં આ ધર્મનો ફેલાવો થયો છે. બૌધ્ધ ધર્મના પ્રચારમાં ભારતીય રાજાઓ અશોક સમ્રાટ, રાજા કનિષ્ક, રાજા હર્ષવર્ધન અને પાલીવંશ જેવા અનેક રાજાઓએ આ ધર્મ અપનાવી





તેના પ્રચારમાં મહત્વનું યોગદાન આપ્યું છે.

વિશ્વમાં બૌધ્ધ ધર્મના પ્રચારમાં બે વાત મહત્વની રહી છે, તેવું કહી રાજયપાલશ્રીએ જણાવ્યું હતું કે, આ ધર્મમાં અહિંસા અને જનતા ધર્મને મહત્વ આપવામાં આવ્યું છે. બૌધ્ધ ધર્મમાં મધ્યમવર્ગનો વિચાર રજૂ કરવામાં આવ્યો છે. તેમજ જનતાની ભાષાને પ્રાધાન્ય આપ્યું છે. આ ધર્મમાં વિષમતા જોવા મળતી નથી, તેમજ વ્યક્તિની નૈતિકતા અને ચારિત્ર્ય ઉત્થાન પર ભાર મુકવામાં આવ્યો છે તથા આ ધર્મ થકી મૂર્તિકળાને પણ ભારે પ્રોત્સાહન મળ્યું છે.

ગુજરાત રાજય બૌધ્ધ ધર્મનું ધરોહર છે, વડનગર તેનું કેન્દ્ર રહ્યું છે. ચીની બૌધ્ધ મુસાફર વાન સાનકીએ પોતાના પુસ્તકમાં ગુજરાતમાં બૌધ્ધ ધર્મની વિરાસતનો ઉલ્લેખ કર્યો છે.

ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ રમણલાલ વોરાએ ડૉ. બાબા સાહેબ આંબેડકરે કેમ બૌધ્ધ ધર્મ કેમ સ્વીકારયો તેની વિસ્તૃત વાત કરી હતી. તેમણે દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી બૌધ્ધ ધર્મની સરકીટ બનાવવા ઈચ્છી રહ્યાં છે, તેવું કહી ગુજરાત રાજયના અરવલ્લી જિલ્લામાં આવેલા બૌધ્ધ ધર્મ સ્થાન સહિત રાજયમાં અનેક સ્થળોએ આવેલા બૌધ્ધ ધર્મની વિરાસત માટે શુંઆયોજન કરવામાં આવ્યું છે, તેની વિસ્તૃત વાત કરી હતી.

ટી.એમ.એસ.સી ફાઉન્ડેશન, થાઈલેન્ડના શ્રીમતી નલીન થૌને જણાવ્યું હતું કે, ગુજરાત રાજય બૌધ્ધ ધર્મના લોકો માટે મહત્વનું સ્થળ છે, તેમજ આજે પ્રથમવાર ગુજરાતની ધરા પર જ આ પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું છે, તેનો આનંદ વ્યક્ત કર્યો હતો. તેમણે વિવિધ દેશોમાંથી આવેલા મહાનુભાવોની ઓળખ કરાવી હતી.

આ પ્રસંગે સંઘકાયા ફાઉન્ડેશનના ફાઉન્ડર સેક્રેટરી ભન્તે પ્રશિલ રત્નાએ મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કરીને આ આંતરરાષ્ટ્રીય બુધ્ધિસ્ટ પરિસંવાદ યોજવા પાછળનો ઉમદા આશયથી લોકોને વાકેફ કર્યો હતા.

આ પરિસંવાદમાં ગુજરાત પ્રવાસન નિગમના એમ.ડી. નિત્યાનંદ શ્રીવાસ્તવ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના અગ્ર સચિવ કમલ દયાની, કમ્બોડિયાના પ્રિન્સ નોરોડોમ થાનારો સહિત દેશ-વિદેશના બૌધ્ધ ધર્મના અનુયાઈઓ ઉપસ્થિત રહ્યાં હતાં.



ગાંધીનગરમાં યોજાયેલ પ્રથમ આંતરરષ્ટ્રીય બુધ્ધિસ્ટ કોન્ફરન્સમાં ગોધરાના ગરબાડ તાલુકાના અબલોડ ગામના ૬૨ વર્ષીય સરપંચ વરસિંહે તેમની આગવી પરંપરાગત પાઘડી સાથેના પહેરવેશના કારણે ઉપસ્થિત ડેલિગેટસનું ખૂબ ધ્યાન ખેંચ્યું હતું. વરસિંહ તેમની પાઘડી બાંધવાની કલા માટે મશહૂર છે અને અત્યાર સુધીમાં વડાપ્રધાન નરન્દ્ર મોદીને ૧૩ વાર વિવિધ પ્રકારની પાઘડી પહેરાવી ચુકયાં છે. વરસિંહ સાથે સેલ્ફી લેવા માટે કોન્ફરન્સમાં પધારેલા મહેમાનોએ પડાપડી કરી હતી.

## સે-૨૬ ગ્રીનસીટીમાં સ્વચ્છતા અભિયાન યોજાયું

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના સ્વચ્છ ભારત સ્વસ્થ ભારત કેમ્પેઈન અંતગર્ત ભારતભરમાં સફાઈ અભિયાન હાથ ધરવામાં આવે છે. ત્યારે ગાંધીનગર શહેરને પણ સ્વચ્છ બનાવવા તંત્રના અધિકારીઓ કમરકસી રહ્યા છે. શહેરના માર્ગો તેમજ આંતરીક માર્ગો પર સફાઈ ચાલી રહી છે ત્યારે સેકટર-૨૬ ગ્રીનસીટીની રહીશોએ પણ સ્વચ્છતા ઝુંબેશમાં સહભાગી બન્યા છે. સેકટર-૨૬ ગ્રીનસીટીના ૭૦થી વધુ ભાઈ બહેનો અને મહાનગર પાલિકાના ૩૦ કર્મચારીઓએ આજે સવારથી જ સફાઈ ઝુંબેશ હાથ ધરી હતી. ગ્રીનસીટીના જે થી એન સુધીની લાઈન તેમજ સમગ્ર વિસ્તારની સફાઈ કરવામાં આવી હતી. જયારે આસપાસના વિસ્તારમાં ઉભા રહેતા લારી-ગલ્લા તેમજ રહેવાસીઓને પણ કચરો કચરા પેટીમાં નાંખવા અનુરોધ કર્યો હતો.



સફાઈને અનુલક્ષી નાગરીકોમાં જાગૃતતા આવે તે માટે માર્ગદર્શન પણ આપવામાં આવ્યું હતું. આગામી દિવસોમાં પણ સફાઈ અભિયાન કાર્યરત રહેશે તેમ વસાહત મંડળના પ્રમુખે જણાવ્યું છે. આ પ્રસંગે વોર્ડના કોર્પોરેટર નિતિનભાઈ પટેલ પણ ખાસ ઉપસ્થિત રહીને સફાઈ અભિયાનમાં જોડાયા હતા.

## વાતવાતમાં

● નોટબંધીના વિરોધમાં વિપક્ષોએ આપેલ તા. ૨૮મી નવેમ્બરે ભારત બંધના એલાનમાંથી કોંગ્રેસ પક્ષે પોતાનો ટેકો પાછો ખેંચી લેતા સોશ્યલ મિડીયા પર ફરી મેસેજ યુધ્ધ જામી પડયું હતું. ભારત બંધ મોકુફ રાખવાના મુદ્દે જુદા જુદા મંતવ્યોની ભરમાર સતત નેટીઝન્સના મોબાઈલ રણકાવતી રહી હતી.

● નોટબંધીની અસર ગાંધીનગરના હોટલ તથા રેસ્ટોરન્ટ બીઝનેસ પર ખુબ જ ઘેરી પડવા પામી છે. ગાંધીનગરના ઈન્ફોસીટી સહિતના મોટા ભાગના વિસ્તારોમાં રૂ. ૫૦ હજારથી એક લાખ સુધીના અધધ ભાડાં ચુકવી ચલાવાતી હોટલોને અત્યારે ભાડા કાઢવાના ફાંફાં પડી જવા પામી રહ્યાં છે.

●શહેરમાં લગ્નસરાની મૌસમ પુરબહારમાં ખિલી રહી છે જેના કારણે ગાંધીનગરમાં અતિથીઓનું આગમન મોટા પ્રમાણમાં વધી ગયું છે. તાજેતરમાં યોજાયેલા વીવીઆઈપી લગ્ન સમારંભમાં રાજયભરમાંથી રાજકીય, સાહિત્ય-કલા, અભિનય અને પત્રકાર જગતની મોટી નામી અને વિખ્યાત હસ્તિઓ શહેરમાં મહેમાનગતિ માણવા ઉમટી પડી હતી.

● શિયાળાના આગમન સાથે જ શહેરમાં પ્રકૃતિ પ્રેમી નગરજનોએ પરંપરાગત આહાર અને ફળાહારનો ઉપયોગ વધારી દીધો છે. હવે તો શહેરમાં દર્દીઓનો ઝોક પણ આયુર્વદ તરફ વધતો સ્પષ્ટ જણાઈ રહ્યો છે.

## રાજયકક્ષાના વિજ્ઞાન-ગણિત મેળામાં જિલ્લાની દસ કૃતિઓ

**લેકાવાડાની પ્રાથમિક શાળાની બે કૃતિઓનો સમાવેશ : સે-૨૩ સ્વામિનારાયણ ગુરુકુળની સ્માર્ટ સાયકલનો સમાવેશ**

ગાંધીનગર, તા.૨૭

રાજયકક્ષાના ૪૪મા વિજ્ઞાન-ગણિત પ્રદર્શનનો પંચમહાલ જિલ્લાના ગોધરાના પરવડી ખાતે જય જલારામ સ્કૂલમાં આજથી પ્રારંભ થયો છે. આ વિજ્ઞાન-ગણિત પ્રદર્શનમાં ગાંધીનગર જિલ્લાની પ્રાથમિક અને માધ્યમિક-ઉ. માધ્યમિક એમ બંને વિભાગમાં પાંચ-પાંચ કૃતિઓ પસંદગી પામી છે જેમાં એક કૃતિ ગાંધીનગરના સે-૨૩ની સ્વામિનારાયણ હાઈસ્કૂલની છે.

ગાંધીનગર જિલ્લાની પ્રાથમિક શાળાઓની પાંચ કૃતિઓ ૪૪મા રાજયકક્ષાના વિજ્ઞાન-ગણિત મેળામાં પસંદગી થવા પામી છે તેમાં બાસણ, પ્રભુપુરા, રકનપુર ઉપરાંત લેકાવાડાની બે કૃતિઓનો સમાવેશ કરાયો છે જયારે માધ્યમિક-ઉ. માધ્યમિક વિભાગમાં મોટેરા, પારસા, ગાંધીનગર સે-૨૩, ધારીસણા અને સિયાવાડાની કૃતિઓનો સમાવેશ થાય છે. પ્રાથમિક વિભાગમાં સરકારી પ્રાથમિક શાળા બાસણની પ્રકાશ દેસાઈ તથા ધ્રુવ દેસાઈ દ્વારા તૈયાર કરાયેલ ‘વિવિધ સરળ પધ્ધતિઓ દ્વારા લોહીના દબાણનું નિવારણ’, લેકાવાડા પ્રાથમિક શાળાની સતિષ વસાવા અને અર્જુન ઠાકોર દ્વારા તૈયાર કરાયેલ અહિંસા રેશમ અને અનુજ ગુપ્તા તથા કૌશિક રાવળ દ્વારા તૈયાર કરાયેલ ઈનોવેટીવ સ્માર્ટ હેલ્મેટ, પ્રભુપુરા પ્રાથમિક શાળાની શ્રેયાન ઝાલા તથા રંજન સોલંકી દ્વારા તૈયાર કરાયેલ સોલાર થર્મલ એનર્જી અને રકનપુર પ્રાથમિક શાળાની કિંજલ મકવાણા તથા ભરત સોલંકી દ્વારા તૈયાર કરાયેલ ‘વિશ્વમાં ખાદ્ય ઉત્પાદનની લેટેસ્ટ ટેકનોલોજી અને ભારત’ કૃતિનો સમાવેશ કરાયો છે. માધ્યમિક-ઉ. માધ્યમિક વિભાગમાં મોટેરાની સંત આશારામજી ગુરુકુળના પિયુષ પ્રજાપતિ તથા શિવમ વર્મા દ્વારા તૈયાર કરાયેલ ‘મોબાઈલ રેડિએશન કૃતિ’, માણસા તાલુકાના પારસાની કે.આર. પટેલ સાર્વજનિક હાઈસ્કૂલની પવન મકવાણા તથા કનુ ઠાકોર દ્વારા તૈયાર કરાયેલ ‘આદર્શ ઉદ્યોગ અને ઈટીપી’, ગાંધીનગરના સે-૨૩ની સ્વામિનારાયણ ગુરુકુળ હાઈસ્કૂલની કર્તવ્ય બરોડિયા અને દિશાંગ ભાવસાર દ્વારા તૈયાર કરાયેલ સ્માર્ટ સાયકલ, ધારીસણાના વિનય વિદ્યાવિહારની મીના રાવલ તથા દિવ્યા ચાવડા દ્વારા તૈયાર કરાયેલ કાર્બન સીન્કોન્ટેશન અને દહેગામ તાલુકાની સિયાવાડાની સરસ્વતી વિદ્યાલયના વિશાલસિંહ રાઠોડ અને વિજય ચૌહાણ દ્વારા તૈયાર કરાયેલ ‘રેઈન સુરક્ષા’ કૃતિનો સમાવેશ કરાયો છે.

## શહેરના રોહિત સમાજના બંધુઓનો સ્નેહમિલન સમારોહ યોજાયો

**આ પ્રસંગે ૧૧૨ તેજસ્વી તારલાઓને શિલ્ડ અને પ્રમાણપત્ર એનાયત કરાયા તેમજ ૨૧ નિવૃત અધિકારીઓનું શાલ ઓઢાડી સન્માન કરાયું**

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર શહેરના સેકટર-૬ રોહિદાસ સેવા સમાજ સંકુલ ખાતે બપોરના સમુારે નગરમાં વસવાટ કરતા રોહિત સમાજના ભાઈ-બહેનો માટે ૩૦મો સ્નેહમિલન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ધોરણ-૧૦ થી ડોકટર, એન્જીનિયર્સ સહિત ઉચ્ચઅભ્યાસ ક્રમ મેળવેલા ૧૧૨ વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર અને શિલ્ડ તેમજ ૨૧ નિવૃત અધિકારી તેમજ કર્મચારીઓનું શાલ ઓઢાડી મહેમાનો હસ્તે સન્માન કરાયું હતું. આ સ્નેહમિલન સમારોહમાં મોટીસંખ્યામાં સમાજના ભાઈ-બહેનો હાજર રહ્યા હતા.

સંત શ્રી રોહિદાસ સેવા સમાજનો ૩૦ મો નૂતનવર્ષ સ્નેહમિલન સમારોહ સેકટર-૬ સંત રોહિદાસ સમાજ સંકુલ ખાતે યોજાયો હતો. આ પ્રસંગે શહેરના ધારાસભ્ય અશોક પટેલ, કડીના ધારાસભ્ય રમેશભાઈ ચાવડા, અસારવાના ધારાસભ્ય આર.એમ. પટેલ, અનુસુચિતજાતિ આયોગના સભ્ય રાજુભાઈ પરમાર, રમેશભાઈ પરમાર, ગાંધીનગર હોસ્પિટલના આર.એમ.ઓ. ડો.કલ્પેશ



શાહ, સુપ્રિટેન્ડન્ટ ઓફ કસ્ટમ્સ ના આર.કે. ચૌહાણ સહિતના મહેમાનોના હસ્તે દિપ પ્રાગટય કરીને કાર્યક્રમનો શુભારંભ કરાયો હતો. ત્યારબાદ સંત શિરોમણી શ્રી રોહિદાસજી તથા ડો.બાબા સાહેબ આંબેડકરની તસવીરને ફુલમાળા અર્પણ કરાઈ હતી. પ્રભુજી તુમ ચંદન હમ પાની ભજનનું ગાન કરવામાં આવ્યું હતું. જયારે રોહિદાસ સેવા સમાજ દ્વારા મંચસ્થ મહાનુભાવોનું ફુલહારથી સ્વાગત કરાયુ હતું. આ પ્રસંગે ઉપસ્થિત મહેમાનોએ સમાજના ભાઈ-બહેનોને શિક્ષણથી સમાજનો વિકાસ થશે. તેથી ભણતર અત્યંત આવશ્યક છે. આજના કોમ્પ્યુટર યુગમાં રોહિદાસ સમાજ પણ પાછળ ન રહી જાય તેથી શિક્ષણ પર વિશેષ ભાર મુકવામાં આવ્યો હતો.આ પ્રસંગે સમાજના ધોરણ-૧૦, એમબીબીએસ, એન્જીનિયર્સ, સહિતના ઉચ્ચ અભ્યાસક્રમ મેળવી ચુકેલા ૧૧૨ વિદ્યાર્થીઓને મહેમાનોના હસ્તે શિલ્ડ તેમજ પ્રમાણપત્ર આપી નવાજવામાં આવ્યા હતા. જયારે ૨૨ અધિકારી-કર્મચારીઓનું શાલ ઓઢાડી સન્માન કરાયુંહતું. આ પ્રસંગે કૈયલધામથી પૂજય રમણ જયમાડી તેમજ પૂજય દલપતરામ બાપુએ આશિર્વાદ પાઠવ્યા હતા. કાર્યક્રમ સમાજના ભાઈ-બહેનો હાજર રહ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા સંસ્થાના પ્રમુખ કાનજીભાઈ પરમાર અને જગદીશભાઈ પરમાર સહિત હોદેદારોએ ભારે જહેમત ઉઠાવી હતી.

# સ્પર્શથી માત્ર સ્નેહ જ ફેલાય, એઈડસ નહીં

**દર વર્ષે વિશ્વમાં ૧લી ડિસેમ્બરને એચઆઈવી-એઈડસ દિન તરીકે ઉજવવામાં આવે છે પરંતુ આપણા સમાજમાં હજુ પણ આ રોગની સારવાર કરતા દર્દી પર ચારિત્ર્યહીનતાની શંકા પર વધુ ધ્યાન અપાય છે : દિન-પ્રતિદિન આ રોગના વધી રહેલા દર્દીઓનું કારણ ચારિત્ર્યહીનતા નહી પરંતુ જાગૃતિનો અભાવ છે**



લાગ્યું એવું લખ્યું

સમીર રામી

ગાંધીનગર, તા.૨૭

જયારે કોઈને એચઆઈવી એઈડસ થયો છે તેવું જાણવામાં આવે એટલે તુરંત જ પહેલી શંકા દર્દીના ચારિત્ર્ય પર કરવામાં આવે છે, એ સાચું છે કે એચઆઈવીનો ચેપ લાગવાની શકયતામાં અસુરક્ષિત જાતિય સંબંધો જવાબદાર છે પરંતુ એ એક માત્ર કારણ હોવું જરૂરી નથી. હજુ પણ પણા સમાજમાં એચઆઈવી પોઝીટીવ દર્દીઓને સમાજના આ પ્રકારના વલણને કારણે યોગ્ય સારવાર મેળવવામાં તથા આ મહારોગ સામે લડવામાં માનસિક સબળતા કેળવવામાં મુશ્કેલી પડી રહી છે. દર વર્ષે વિશ્વમાં ૧લી ડિસેમ્બરને એચઆઈવી-એઈડસ દિવસ તરીકે ઉજવવામાં આવે છે જેનો હેતુ આ રોગ પ્રત્યે જાગૃતિ ફેલાવી તેની સારવાર સાથે દર્દીને જેની સૌથી વધુ જરૂર છે તેવા હકારાત્મક અને સ્નેહપૂર્ણ વાતાવરણનું નિર્માણ કરવાનો છે.

સમગ્ર ગુજરાતમાં એચઆઈવી પોઝીટીવ દર્દીઓની સંખ્યામાં ઉત્તરો ઉત્તર વધારો થઈ રહ્યો છે. કેન્દ્ર સરકાર સાથે રાજય સરકાર પણ વિવિધ યોજનાઓ દ્વારા આ રોગ સામે લડવા પ્રયત્નો કરી રહી છે પરંતુ ‘સેકસ’ પ્રત્યે કહેવાતી સુગ ધરાવતા આપણા સમાજમાં આ રોગના દર્દીઓ પ્રત્યેના વલણમાં જયાં સુધી સુધારો નહીં થાય ત્યાં સુધી આ લડત અધુરી છે. આ માટે એચઆઈવી એઈડસ અંગેની કેટલીક પ્રાથમિક બાબતોની જાણકારી જનમાનસ સુધી પહોંચાડવી ખૂબ જ જરૂરી છે. હજુ તો ઘણાને એ પણ ખબર નથી કે એચઆઈવી અને એઈડસ બે અલગ પરિસ્થિતિ છે.

એચઆઈવી એટલે ‘હ્યુમન ઈમ્યુનો ડેફિસીયન્સી વાયરસ’ એ એવો વિષાણુ છે જે દર્દીના શરીરમાં પ્રવેશ કરી તેની રોગો સામે લડવાની રોગ પ્રતિકારક શકિતને ધીમે ધીમે નબળી પાડી દે છે. એઈડસ એટલે ‘એકવાયર્ડ ઈમ્યુનો ડેફિસીયન્સી સિન્ડ્રોમ’ એટલે કે ‘રોગપ્રતિકારક શકિતની ખામી ઉણપને પ્રાપ્ત કરેલ લક્ષણો અને ચિહ્નોનો સમુહ’ એઈડસ એક અવસ્થા છે જે એચઆઈવી નામના વિષાણુના ચેપનું અંતિમ પરિણામ છે. એચઆઈવી વિષાણુ દર્દીના લોહીના શ્વેતકણો પર હુમલો કરે છે. જેના કારણે તેનું રોગ પ્રતિકારક તંત્ર નબળુ પડે છે. એઈડસ એ એક રોગ નથી પરંતુ રોગોનો સમૂહ છે જેમાં એચઆઈવીના ચેપના કારણે શરીરમાં વિવિધ રોગો અને તકવાદી ચેપો લાગે છે. એચઆઈવીનો ચેપ લાગવાના





મુખ્ય કારણોમાં અસલામત જાતીય સંબંધ ઉપરાંત, એચઆઈવી ગ્રસ્ત લોહી લેવાથી, જીવાણુ મુકત ના કરેલ હોય તેવી સિરિંજ, સોય, લેનસેટ કે બ્લેડના ઉપયોગથી, એચઆઈવી પોઝીટીવ માતાથી તેણીના બાળકને અથવા અન્ય કોઈ રીતે એચઆઈવી વિષાણુનો દર્દીના લોહી સાથે સંપર્ક થવાથી વગેરેનો સમાવેશ થાય છે. આ રોગ ફેલાવા અંગે ઘણી ગેરસમજો પણ સમાજમાં પ્રવર્તે છે. પરંતુ રોગ સ્પર્શ કરવાથી, હળવા ચુંબન કે આલિંગન કરવાથી, ઉધરસ-છીંકથી, મચ્છર કરડવાથી, એઈડસ વોર્ડની મુલાકાતથી, એચઆઈવી પોઝીટીવ દર્દીના કપડા કે તેણે વાપરેલી ચીજવસ્તુઓ કે વાસણોનો ઉપયોગ કરવાથી, તેની સાથે કામ કરવાથી, સ્વીમીંગ કરવાથી, તેની સાથે જમવાથી કે શૌચાલય-બાથરૂમનો ઉપયોગ કરવાથી કયારેય થતો નથી. આ રોગ થયો છે કે નહી તે માત્ર લોહીના પરીક્ષણથી જ જાણી શકાય છે. એચઆઈવીના કારણે દર્દી તાત્કાલિક કોઈ મુશ્કેલીમાં આવી જાય તે જરૂરી નથી પરંતુ દર્દીની રોગ પ્રતિકારક શકિત નબળી પડી જવાથી આ દર્દીને જો કોઈ અન્ય બિમારી લાગુ પડે તો તે મટવાની શકયતા ઘટી જાય છે. એચઆઈવીના કારણે લાગુ પડતા તકવાદી રોગોમાં સૌથી મોટો તકવાદી રોગ એ ટીબી એટલે કે ક્ષય રોગ છે. એચઆઈવી પોઝીટીવ દર્દીઓને સામાન્ય વ્યકિત કરતા ટીબી થવાની શકયતા છ ગણી વધી જાય છે.

એચઆઈવી અને એઈડસ બંને સાથે દર્દી એ સામાન્ય જીંદગી જીવવી શકય છે. આ સ્થિતિમાં દર્દીએ આરોગ્યપ્રદ અને પોષણયુકત આહાર લેવો, નિયમિત વ્યાયામ કરવો, દારૂ-તમાકુ જેવા વ્યસનોથી દૂર રહેવું, નિયમિત આરોગ્ય તપાસ કરાવવી, તબીબી સલાહ લેવી વગેરે ખુબ જરૂરી છે. ગર્ભવતી માતાને ગર્ભાવસ્થા દરમિયાન પાંચ વાર પરીક્ષણ કરવું જરૂરી છે. જો કે આ તમામ સાવચેતીઓ દર્દીએ રાખવી જરૂરી છે પરંતુ તેની સાથે પરિવારના સભ્યો તથા સમાજે પણ દર્દી પ્રત્યે સાનુકુળ માહોલ સર્જવો ખૂબ જ અગત્યનો છે. દર્દી સાથે ભેદભાવભર્યું વર્તન કરવાને બદલે ઉમળકાભર્યું વર્તન કરવું, ખાસ કરીને મહિલા અને બાળદર્દીઓને સામાન્ય જીવન જીવવા સાથ આપવો, પૌષ્ટિક આહાર અને નિયમિત સારવાર અપાવવી ખૂબ જ જરૂરી છે. આ દર્દીઓને વિવિધ સરકારી યોજનાના લાભો તથા એઆરટી સેન્ટરમાં અપાતી સારવાર અપાવવા મદદરૂપ થવું જોઈએ.

આપણા સમાજમાં જે ઝડપે એચઆઈવી-એઈડસના દર્દીઓ વધી રહ્યા છે તે જોતા સૌથી પહેલા તો સમાજમાં આ રોગ પ્રત્યે યોગ્ય જાણકારીનો ફેલાવો વધારવો અને તે માટે જાગૃતિ કાર્યક્રમો જેટલા બને તેટલા વધુ કરવા તે ખાસ અગત્યનું છે. દરેક વ્યકિતએ અસુરક્ષિત જાતીય સંબંધ ટાળી માત્ર પોતાના જીવનસાથીને સંપૂર્ણ પણે વફાદાર રહેવું જરૂરી છે. આ રોગને અટકાવવા નિરોધનો ઉપયોગ કરવો એ પ્રાથમિક જરૂરિયાત છે. પણ આ રોગ લાગુ પડે તેની પ્રત્યે સહાનુભુતિ દાખવી સ્નેહભર્યા વર્તન સાથે તેને યોગ્ય સારવાર પ્રક્રિયામાં મદદરૂપ થવાથી જ આ મહારોગને આગળ વધતો નાથી શકીશું બાકી દર વર્ષે એઈડસ દિવસની ઉજવણી સાથે દર્દીની સંખ્યા વધવા સિવાય બીજું કંઈ હાથ નહીં લાગે.

પ્રતિભાવો આવકાર્ય : samirtalod@yahoo.com

## ચિરવિદાય

- સ્વ. પંડ્યા ઈન્દિરાબેન હિરાલાલ, ઉ.વ.૮૫
- સ્વ. વાઘેલા રમીલાબેન કિરણભાઈ, ઉ.વ.૩૨
- સ્વ. ભરવાડ રઘુભાઈ કનુભાઈ, ઉ.વ.૩૫
- સ્વ. સલાટ સુરજબેન ખોડાભાઈ, ઉ.વ.૮૦
- સ્વ. કલાવત ઘનશ્યામભાઈ છોટાલાલ, ઉ.વ.૪૩